આફ્રિકી ફૂટબોલમાં અવનવુ

સેનેગલે જીતેલું AFCON ટાઈટલ બે મહિના પછી મોરોક્કોને અપાતા વિવાદ

સીએએફએ સેનેગલની 1-0થી જીતને ઉલટાવીને મોરોક્કોના પક્ષમાં 3-0થી ડિફોલ્ટ જીતમાં ફેરવી દીધી

જાન્યુઆરીમાં રમાયેલી ફાઈનલમાં મેદાન છોડીને જતા રહેવા બદલ સેનેગલ હારેલું ગણાય : CAF

સેનેગલે ટાઇટલ છીનવવાના નિર્ણયને ગેરકાયદે અને અન્યાયી ગણાવીને ફગાવ્યો અને અપીલ કરશે

ડાકાર (સેનેગલ), 18 માર્ચ (AP): આફ્રિકન ફૂટબોલમાં એક મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. કન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ (સીએએફ) એ આફ્રિકન કપ ઓફ નેશન્સ 2026 ફાઈનલના પરિણામને ઉલટાવીને મોરોક્કોને ચેમ્પિયન જાહેર કર્યું છે. આ નિર્ણય મંગળવારે લેવામાં આવ્યો હતો. સીએએફએ જાન્યુઆરીમાં રમાયેલી વિવાદાસ્પદ ફાઈનલમાં સેનેગલની 1-0થી જીતને ઉલટાવીને તેને મોરોક્કોના પક્ષમાં 3-0થી ડિફોલ્ટ જીતમાં ફેરવી દીધી હતી.

કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટમાં અપીલ

સેનેગલ ફૂટબોલ ફેડરેશન (એફએસએફ)એ જણાવ્યું કે આ નિર્ણય આફ્રિકન ફૂટબોલને બદનામ કરે છે અને તેઓ સ્વિટ્ઝર્લેન્ડના લૌઝેન સ્થિત કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (સીએસએ)માં આ સંબંધે વહેલી તકે અપીલ કરશે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે ચુકાદો આવતા એક વર્ષનો સમય લાગે છે.

રબાતમાં રમાયેલી ફાઇનલ ઘણી અરાજકાવાળી રહી હતી

18 જાન્યુઆરીએ રમાયેલી ફાઈનલ ત્યારે અરાજકતામાં ફેરવાઈ ગઈ જ્યારે મેચના અંતિમ સમયમાં સેનેગલનો લેટ ગોલ રદ કરાયો અને મોરોક્કોને પેનલ્ટી આપવામાં આવી, જેના વિરોધમાં સેનેગલના ખેલાડીઓએ મેદાન છોડી દીધું હતું. જોકે, 10 મિનિટ પછી તેઓ પાછા ફર્યા અને રમત ફરી શરૂ થઈ. મોરોક્કોના સ્ટાર ખેલાડી બ્રાહિમ ડિયાઝની પેનલ્ટી એડૌર્ડ મેન્ડીએ બચાવી લીધી હતી. ત્યારબાદ એક્સ્ટ્રા ટાઈમમાં પાપે ગુયેએ સેનેગલ માટે એકમાત્ર ગોલ કરીને જીત અપાવી હતી.

આ તરફ સેનેગલ તેનું આફ્રિકા કપ ઓફ નેશન્સ ટાઈટલ કાયદાકીય લડાઈ વિના છોડવા તૈયાર નથી. દેશના ફૂટબોલ ફેડરેશને જણાવ્યું છે કે તે યજમાન મોરોક્કો સામેની અરાજકતાભરી ફાઈનલમાં ટીમની જીતને રદ કરવાના અન્યાયી, અભૂતપૂર્વ અને અસ્વીકાર્ય નિર્ણય સામે અપીલ કરશે. સેનેગલની સરકારે વધુમાં જણાવ્યું હતું કે તે આ નિર્ણયને પલટાવવા માટે તમામ યોગ્ય કાયદાકીય માર્ગો અપનાવશે અને આફ્રિકન ફૂટબોલની સંચાલન સંસ્થામાં શંકાસ્પદ ભ્રષ્ટાચારની આંતરરાષ્ટ્રીય તપાસની માગ કરી છે.

સીએએફની અપીલ સમિતિએ જણાવ્યું હતું કે સેનેગલ દ્વારા મેદાન છોડી દેવું એ ટુર્નામેન્ટના નિયમોના કલમ 82 અને 84નું ઉલ્લંઘન હતું. આ નિયમો હેઠળ, જે ટીમ પરવાનગી વિના મેચ છોડી દે છે તેને હાર માનવામાં આવે છે. તેના આધારે, મેચનું પરિણામ બદલવામાં આવ્યું હતું અને મોરોક્કોને 3-0ના માર્જિનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

નિયમો અને કાયદા શું કહે છે

સીએએફએ તેના નિર્ણયમાં આફ્રિકા કપના નિયમોની કલમ 82 અને 84 નો ઉલ્લેખ કર્યો છે. કલમ 82 મુજબ, જો કોઈ ટીમ રેફરીની પરવાનગી વિના મેચના નિયમિત અંત પહેલા રમવાની ના પાડે અથવા મેદાન છોડી દે તો તે રમત હારી જાય છે. જોકે, ઇન્ટરનેશનલ ફૂટબોલ એસોસિએશન બોર્ડ (આઇએફએબી) નો નિયમ 5 જણાવે છે કે મેચમાં શું થાય છે તે નક્કી કરવાની સંપૂર્ણ સત્તા રેફરી પાસે છે અને રેફરીનો નિર્ણય અંતિમ ગણાય છે.

CAFના નવા નિર્ણયથી વિવાદ વધ્યો

જાન્યુઆરીમાં સીએએફએ બંને ફેડરેશન પર 1 મિલિયન ડોલરથી વધુનો દંડ ફટકાર્યો હતો, પણ ત્યારે રમતની હાર-જીતના પરિણામમાં કોઈ દખલ કરી નહોતી. પરંતુ મંગળવારના નવા નિર્ણયમાં મોરોક્કોના ખેલાડીઓ અને ફેડરેશન પરના દંડમાં મોટી રાહત અપાતા વિવાદ વધ્યો છે.

ડાકારમાં આઘાતની લાગણી

સીએએફના આ નિર્ણયથી સેનેગલમાં ભારે રોષ અને આઘાત છે. સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે મેદાન પર રમીને મેળવેલી ટ્રોફી બે મહિના પછી પાછી ખેંચવી એ હાસ્યાસ્પદ છે. ટેક્સી ડ્રાઈવર અબ્દુલાયે દિઉફે કહ્યું, આખી દુનિયાએ જોયું કે અમે કાયદેસર રીતે જીત્યા છીએ. સેનેગલ મેદાન પર ચેમ્પિયન છે, મોરોક્કોને કોર્ટમાં ચેમ્પિયન બનવું હોય તો ભલે બને.

IPL 2026ના શરૂઆતના તબક્કામાં ઇશાન કિશન સનરાઇઝર્સનો કેપ્ટન

પેટ કમિન્સ ઇજામાંથી સ્વસ્થ થાય ત્યાં સુધી ઇશાન કેપ્ટન અને અભિષેક વાઇસ કેપ્ટન રહેશે : SRH

હૈદરાબાદ, તા. 18 (પીટીઆઈ) : સનરાઇઝર્સ હૈદરાબાદે બુધવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) 2026ની શરૂઆતની મેચો માટે ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનને વચગાળાના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે, જ્યારે અભિષેક શર્માને વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો છે. નિયમિત કેપ્ટન પેટ કમિન્સ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કમિન્સ કમરના નીચેના ભાગમાં થયેલી ઈજાને કારણે ક્રિકેટથી દૂર છે, આ ઈજાને કારણે તે છેલ્લી એશિઝ સીરિઝ અને ટી-20 વર્લ્ડકપમાંથી પણ બહાર રહ્યો હતો. ફ્રેન્ચાઈઝીએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે પેટ કમિન્સ તેની ઈજામાંથી સ્વસ્થ થવા દરમિયાન કેટલીક મેચો ગુમાવશે. જ્યાં સુધી તે સ્વસ્થ ન થાય ત્યાં સુધી ઈશાન કિશન કેપ્ટન રહેશે અને અભિષેક શર્મા વાઈસ કેપ્ટન રહેશે.

જોકે, સનરાઈઝર્સ હૈદરાબાદ દ્વારા કમિન્સ કેટલી મેચ ગુમાવશે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. બધા ફોર્મેટમાં સારા પ્રદર્શન બાદ સનરાઈઝર્સે ઈશાનને કાર્યકારી કેપ્ટનની જવાબદારી સોંપી છે.

ટી-20 વર્લ્ડકપ માટે પસંદગી સમયે બાબર-ફખર અનફિટ હોવાની શંકા

બાબરને હેમસ્ટ્રીંગ ઇજ્જરી લાંબા સમયથી હોવાનું જણાયુ જ્યારે ફખર પણ એ જ સમસ્યાથી પિડાતો હતો

મેડિસિન કન્સલ્ટન્ટ ડો. જાવેદે વર્લ્ડકપ પછી બાબર-ફખરની તપાસ કર્યા પછી ચિંતા વ્યક્ત કરી હતી

કરાચી, તા. 18 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની મેડિકલ પેનલને શંકા છે કે ટીમના સિનિયર ખેલાડીઓ બાબર આઝમ અને ફખર ઝમાનને ટી-20 વર્લ્ડકપ ટીમમાં પસંદ કરવામાં આવ્યા ત્યારે તેઓ 100 ટકા ફિટ ન હતા.

ગયા અઠવાડિયે એક પ્રેસ કોન્ફરન્સમાં વરિષ્ઠ પસંદગીકાર આકિબ જાવેદે પણ આ જ ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે બોર્ડ આ મામલાની તપાસ કરશે. બોર્ડના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે યુકે સ્થિત સ્પોર્ટ્સ ફિઝીયોથેરાપી અને મેડિસિન કન્સલ્ટન્ટ ડૉ. જાવેદ મુગલે વર્લ્ડકપ પછી બાબર અને ફખરની તપાસ કર્યા પછી ચિંતા વ્યક્ત કરી હતી. ડૉ. મુઘલ જાન્યુઆરીમાં પીસીબીના મેડિકલ પેનલમાં સ્પોર્ટ્સ એક્સરસાઇઝ અને મેડિસિન ડિરેક્ટર તરીકે જોડાયા હતા.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે વર્લ્ડકપમાંથી પાછા ફર્યા બાદ બાબરે હેમસ્ટ્રિંગના ખેંચાણને કારણે રાષ્ટ્રીય ટી-20 ચેમ્પિયનશિપમાં રમવાનો ઇનકાર કર્યો હતો જ્યારે ફખર પણ આવી જ સમસ્યાઓથી પીડાઈ રહ્યો હતો. જ્યારે બાબરની તપાસ કરવામાં આવી ત્યારે, તેની ઈજા શરૂઆતમાં જણાવવામાં આવી હતી તેના કરતાં વધુ ગંભીર હોવાનું બહાર આવ્યું, જ્યારે ફખર પણ મહિનાઓથી આ જ સમસ્યાથી પીડાઈ રહ્યો છે એવું સૂત્રએ જણાવ્યું.

સૂત્રએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પસંદગી સમિતિએ મેડિકલ પેનલને સ્પષ્ટ કર્યું હતું કે તેમણે પાકિસ્તાન ટીમના ફિઝિયો ક્લિફ ડેકોન પાસેથી મંજૂરી મળ્યા બાદ જ બાબર અને ફખરને વર્લ્ડકપ ટીમમાં પસંદ કર્યા હતા.

એવા આરોપો છે કે ડેકન અગાઉ ખેલાડીઓ સાથેના ગાઢ સંબંધોને કારણે નાની ઈજાઓ છતાં રમવાની મંજૂરી આપતા હતા.

થોમસ અને ઉબેર કપમાં ભારત ડિફેન્ડીંગ ચેમ્પિયન ચીનના ગ્રુપમાં

ભારતની પુરુષ અને મહિલા ટીમો 2024ની છેલ્લી ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં ચીન અને જાપાન સામે હારી હતી

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : ભારતીય પુરુષ અને મહિલા ટીમોને અનુક્રમે થોમસ અને ઉબેર કપ માટે ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીન સાથે સમાન ગ્રુપમાં મૂકીને મુશ્કેલ ડ્રો આપવામાં આવ્યા છે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (બીડબલ્યુએફ)એ બુધવારે ડ્રોની જાહેરાત કરી. થોમસ કપની 34મી એડિશન અને ઉબેર કપની 31મી એડિશન 24 એપ્રિલથી ત્રીજી મે દરમિયાન ડેનમાર્કના હોર્સન્સમાં યોજાશે. બેંગકોકમાં 2022ની ફાઈનલમાં 14 વખતના ચેમ્પિયન ઈન્ડોનેશિયાને 3-0 થી હરાવીને પોતાનો પહેલો ખિતાબ જીતીને ઈતિહાસ રચી તેઓ ટ્રોફી જીતનાર માત્ર છઠ્ઠો દેશ બનનાર ભારતની પુરુષ ટીમને ચીન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સાથે ગ્રુપ 'A'માં મૂકવામાં આવી છે. ભારત 2024ની પાછલી ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં ચીન સામે હાર્યું હતું. ભારતીય મહિલા ટીમને ઉબેર કપના ગ્રુપ Aમાં ડિફેન્ડીંગ અને 16 વખતના ચેમ્પિયન ચીન સાથે રાખવામાં આવી છે. યજમાન ડેનમાર્ક અને યુક્રેન ગ્રુપની અન્ય ટીમો છે. ક્વાર્ટર ફાઈનલમાં જાપાન સામે હારીને ભારતીય મહિલાઓ છેલ્લી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.

ચીન પાસે એક મજબૂત પુરુષ ટીમ છે જેમાં વર્લ્ડ નંબર ટુ શી યુકી અને વર્લ્ડ નંબર સાત લી શી ફેંગ, 17મો ક્રમાંકિત વેંગ હોંગ યાંગ અને 18મો ક્રમાંકિત લુ ગુઆંગ ઝુનો સમાવેશ થાય છે.

થોમસ કપ ડ્રો

ગ્રુપ A: ચીન, ભારત, કેનેડા, ઓસ્ટ્રેલિયા
ગ્રુપ બી: જાપાન, મલેશિયા, ઈંગ્લેન્ડ, ફિનલેન્ડ
ગ્રુપ સી: ચાઇનીઝ તાઇપેઇ, ડેનમાર્ક, કોરિયા, સ્વીડન
ગ્રુપ ડી: ઇન્ડોનેશિયા, ફ્રાન્સ, થાઇલેન્ડ, અલ્જીરિયા.

ઉબેર કપ ડ્રો

ગ્રુપ A: ચીન, ભારત, ડેનમાર્ક, યુક્રેન
ગ્રુપ B: જાપાન, મલેશિયા, તુર્કિયે, દક્ષિણ આફ્રિકા
ગ્રુપ સી: ચાઇનીઝ તાઇપેઇ, ઇન્ડોનેશિયા, કેનેડા, ઓસ્ટ્રેલિયા
ગ્રુપ ડી: કોરિયા, થાઈલેન્ડ, બલ્ગેરિયા, સ્પેન.

ગંભીરે વિચાર્યુ કે રોહિત, વિરાટ અને મારો સમય પૂરો થયો તો તેમાં ખોટું શું? : અશ્વિન

ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં જે રીતે મને ટીમમાં અંદર-બહાર કરાયો તેનાથી મને સમજાયું કે મારો સમય પુરો થયો

કોચ તરીકે ગંભીરનો પોતાનો દૃષ્ટિકોણ હોઈ શકે, ટીમના ભવિષ્ય અંગે કડક નિર્ણયો લેવાનો તેને અધિકાર છે

નવી દિલ્હી, તા. 18 : રવિચંદ્રન અશ્વિનની નિવૃત્તિ ભારતીય ક્રિકેટ ચાહકો માટે એક મોટો આંચકો હતો. ડિસેમ્બર 2024 માં ઓસ્ટ્રેલિયા સામે બ્રિસ્બેન ટેસ્ટ પછી અચાનક નિવૃત્તિની જાહેરાત કરીને તેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. હવે, લાંબા વિલંબ પછી, અશ્વિને આ નિર્ણય પાછળનું સાચું કારણ જાહેર કર્યું છે. તેણે સ્પષ્ટતા કરી કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેને જે રીતે ટીમમાંથી અંદર, બહાર કરવામાં આવ્યો હતો તે દર્શાવતું હતું કે હવે યુવા ખેલાડીઓને જગ્યા આપવાનો સમય આવી ગયો છે.

રવિચંદ્રન અશ્વિને કહ્યું કે મારી સૌથી મોટી તાકાત સમયસર નિર્ણયો લેવાની છે. પર્થ ટેસ્ટ પછી, જ્યારે મને ફરીથી પ્લેઈંગ ઇલેવનમાંથી બહાર કરવામાં આવ્યો, ત્યારે મને ખબર પડી ગઈ કે મારો સમય પૂરો થઈ ગયો છે. હું એવા ખેલાડીઓમાંથી એક નથી જે ટીમમાં વાપસીની આશા રાખીને ફરે છે. મેં મારી કારકિર્દીમાં ઘણું બધું હાંસલ કર્યું છે, અને હવે નવા ચહેરાઓ માટે રસ્તો છોડી દેવાનું યોગ્ય હતું. અશ્વિને કોચ ગૌતમ ગંભીર સાથેના પોતાના સંબંધો અને ટીમમાં પક્ષપાતના અહેવાલો વિશે પણ ખુલ્લેઆમ વાત કરી. તેણે કહ્યું કે કોચ તરીકે ગંભીરનો પોતાનો દૃષ્ટિકોણ હોઈ શકે છે અને ટીમના ભવિષ્ય અંગે કડક નિર્ણયો લેવાનો તેને અધિકાર છે. અશ્વિને સ્વીકાર્યું કે ગંભીરને એવું લાગે છે કે તેનો, અથવા વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓનો સમય, પૂરો થઈ ગયો છે તેમાં કંઈ ખોટું નથી.

ગૌતમ ગંભીરની કાર્યનિષ્ઠા અંગે અશ્વિને કહ્યું કે જો કોઈ ગૌતમથી નારાજ થવાનો કોઈને હક હોય તો તે હું જ છું, કારણ કે મારી કેરિયર તે કોચ બનતાની સાથે જ સમાપ્ત થઈ ગઈ હતી. પરંતુ આપણે આપણા અહંકારને બાજુ પર રાખવા પડશે. કોચનું કામ ટીમના ભવિષ્યને સુરક્ષિત કરવાનું છે. કદાચ તેમના વિઝનમાં મારા માટે કોઈ ભવિષ્યનો સમાવેશ ન હતો, અને તે બિલકુલ ઠીક છે. ભારતમાં આપણને મળતી ખ્યાતિને કારણે, આપણે ક્યારેક અજેય અનુભવીએ છીએ, પરંતુ એવું નથી.

અનુસંધાન... પાના પહેલાનું

ઈન્દોરમાં EV ચાર્જિંગમાં...

છે. મધ્યપ્રદેશ સરકારે આ મામલે નિષ્ણાતોની સમિતિ દ્વારા વિગતવાર તપાસના આદેશ આપ્યા છે.

રાજ્યના મંત્રી કૈલાશ વિજયવર્ગીયે કહ્યું હતું કે, વધતા ફ્યુ ઓઈલના ભાવ વચ્ચે લોકોનો ઈલેક્ટ્રીક વાહનો તરફ ઝુકાવ વધી રહ્યો છે, ત્યારે આવી ઘટના ચિંતાજનક છે. સરકારે હવે ઈવી ચાર્જિંગ માટે નવી 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) તૈયાર કરવાનો નિર્ણય લીધો છે.

ઈડી દરોડામાં...

સુનાવણી મુલતવી રાખવાની વિનંતી કરી હતી જેને સુપ્રીમે ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે તેઓ રેકોર્ડ પરની તમામ બાબતોને ધ્યાનમાં લેશે. આ મામલે હવે આવતા અઠવાડિયે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

હવે ઘરેલુ ફ્લાઈટની...

આ સાથે જ, મંત્રાલયે એરલાઈન્સને એવી કડક સૂચના આપી છે કે જે મુસાફરો એક જ પીએનઆર (એક જ ટિકીટ) પર મુસાફરી કરી રહ્યા હોય, તેમને ફ્લાઈટમાં સાથે જ બેસાડવામાં આવે. ખાસ કરીને પરિવારો કે જેઓ સાથે ટિકિટ બુક કરાવે છે, તેમને અલગ-અલગ બેઠકો ફાળવવાને બદલે પાસપાસેની બેઠકો આપવી ફરજિયાત રહેશે. એરલાઈન્સ દ્વારા સીટ પસંદગીના નામે વસુલવામાં આવતા ઊંચા ચાર્જ અંગેની વ્યાપક ફરિયાદો બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધા માટે લેવાયેલા આ પગલાંમાં 60 ટકા બેઠકો ચાર્જમુક્ત રાખવા ઉપરાંત રમતગમતના સાધનો, સંગીતનાં સાધનો અને પાળતુ પ્રાણીઓને સાથે લઈ જવા માટે પણ વધુ પારદર્શક નિયમો બનાવવામાં આવ્યા છે. વધુમાં, જો ફ્લાઈટમાં વિલંબ થાય કે ફ્લાઈટ કેન્સલ થાય, તો મુસાફરોના અધિકારોનું કકડ પાલન થાય તે માટે એરલાઈન્સ પર કડક દેખરેખ રાખવામાં આવશે.

અનેક દેશોમાં...

એલિફન્ટ કેમ્પના હાથીઓને હવે રોજ ૫ કિમી ચાલીને કામ પર જવું પડે છે. અત્યાર સુધી આ હાથીઓને ટ્રેલર ટ્રકમાં લઈ જવામાં આવતા હતા, પરંતુ ઈંધણના રેશનીંગને કારણે ટ્રકો માટે પૂરતું ડીઝલ ઉપલબ્ધ નથી.

૩. 33,660...

તૈયાર ફેક્ટરી શેડ, ટેસ્ટિંગ લેબ, વેરહાઉસિંગ અને કામદારો માટે રહેણાંક જેવી વધારાની સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે.

'ભવ્ય' યોજનાનો મુખ્ય હેતુ 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવાનો છે. અહીં ઉદ્યોગોને 'પ્લગ-એન્ડ-પ્લે' સુવિધા મળશે, એટલે કે જમીન, વીજળી, પાણી અને મંજૂરીઓ પહેલેથી જ તૈયાર હશે, જેથી રોકાણકારો કોઈ પણ વિલંબ વગર તરત જ ઉત્પાદન શરૂ કરી શકશે. આ પ્રોજેક્ટ્સ પીએમ ગતિશક્તિ સિદ્ધાંતો પર આધારિત હશે, જે ગ્રીન એનર્જી અને ટકાઉ સંસાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપશે. આ યોજના દ્વારા સ્થાનિક સપ્લાય ચેઈન મજબૂત બનશે અને એમએસએમઈ તથા સ્ટાર્ટઅપ્સને મોટો ફાયદો થશે.

નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ વિકસાવવામાં આવેલી 'ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટીઝ'ની સફળતાને આધારે, વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'ભવ્ય' યોજનાનો અમલ રાજ્ય સરકારો અને ખાનગી ક્ષેત્રના ભાગીદારો સાથે મળીને કરવામાં આવશે.

અમેરિકાએ ઈરાન પર...

જોખમ હતી. હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વનો 20 ટકા તેલ પુરવઠો પસાર થાય છે, તે હાલમાં ઈરાની અવરોધોને કારણે વ્યવહારિક રીતે બંધ છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહી બાદ બ્રિટન, ફ્રાન્સ, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા સાથી દેશો પર આકરા પ્રહાર કર્યા હતા કારણ કે તેમણે આ જળમાર્ગને સુરક્ષિત કરવામાં મદદ કરવાનો ઇનકાર કર્યો હતો. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે અમેરિકાને હવે નાટો દેશોની મદદની જરૂર નથી.

આ સંઘર્ષને કારણે અમેરિકામાં ગેસના ભાવ 2.90 ડોલરથી વધીને સરેરાશ 3.80 ડોલર પ્રતિ ગેલન પર પહોંચી ગયા છે. યુએસ નેવીએ આ વિસ્તારમાં વધારાનું સૈન્ય બળ અને યુએસએસ ત્રિપોલી જહાજ તૈનાત કર્યું છે, જે ઈરાની બંદરો પર કબજો કરવાની ક્ષમતા ધરાવે છે. દરમિયાન, વ્હાઈટ હાઉસમાં આંતરિક વિરોધ પણ જોવા મળ્યો છે, નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડાયરેક્ટર જો કેન્ટે ઈઝરાયેલના દબાણ હેઠળ આ યુદ્ધ શરૂ થયાનો આરોપ લગાવી રાજીનામું આપ્યું છે.

ઈરાનનો વળતો પ્રહાર...

'મલ્ટિપલ વોરહેડ' મિસાઈલો છોડી હતી, જે ડિફેન્સ સિસ્ટમને છેતરવાની ક્ષમતા ધરાવે છે. તેલ અવીવ નજીક આ હુમલામાં બે લોકોનાં મોત થયા છે. સાઉદી અરેબિયાએ રિયાધમાં અમેરિકી દૂતાવાસ તરફ આવતા બે ડ્રોનને તોડી પાડ્યા હતા, જ્યારે બગદાદમાં પણ અમેરિકી દૂતાવાસ પર સતત બીજા દિવસે હુમલો થયો હતો. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે તેના દુશ્મનો માટે હોર્મુઝનો માર્ગ ક્યારેય ખુલવા દેશે નહીં.

ઈઝરાયેલમાં 3 ખાનગી વિમાનોને નુકસાન: ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને તોડી પાડવામાં આવી હતી, પરંતુ તેના ટુકડાઓ (Shrapnel) પડવાને કારણે તેલ અવીવના બેન ગુરિયન ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઉભેલા ત્રણ ખાનગી વિમાનોને ભારે નુકસાન થયું છે. તેલ અવીવ પાસે થયેલા હુમલામાં બે લોકોના મોત પણ થયા છે.

દિલ્હી ડાયરી...

એનસીઈઆરટીના નવા અભ્યાસક્રમમાં પર્સનલ ફાઇનાન્સનો સમાવેશ

હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવી રહેલા એનસીઈઆરટીના નવા પાઠ્યપુસ્તકોમાં હવે પર્સનલ ફાઇનાન્સ (વ્યક્તિગત નાણાકીય વ્યવસ્થાપન) અને આંત્રપ્રિન્યોરશિપ (ઉદ્યોગસાહસિકતા) પરના પ્રકરણોનો સમાવેશ કરવામાં આવશે. વડા પ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય અને પાઠ્યપુસ્તકો તૈયાર કરતી સમિતિના સભ્ય સંજીવ સાન્યાલના જણાવ્યા અનુસાર, આ વિષયોને ઔપચારિક રીતે અભ્યાસક્રમના ભાગરૂપે ભણાવવાની જરૂર છે. કારણ કે, લોકો-ખાસ કરીને મહિલાઓ-બેંક ખાતા કેવી રીતે ચલાવવા જેવી પાયાની બાબતો જાણતા ન હોઈ શકે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 'મહિલા દિવસ' નિમિત્તે આયોજિત ચર્ચામાં સાન્યાલે જણાવ્યું હતું કે, આ પ્રકરણો ધોરણ ૯ અથવા ૧૦ના પુસ્તકોમાં સામેલ કરવામાં આવશે. જોકે, તેમણે આ વિષય પર વધુ વિગતો આપી ન હતી. વિવિધ સ્તરે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં નવા વિચારોનો સમાવેશ થવો જ જોઈએ. જોકે, તે ખૂબ જ સારી રીતે વિચારેલી યોજના અને વ્યૂહરચના મુજબ થવું જોઈએ, ચોક્કસપણે રાજકીય વિચારધારાના આધારે નહીં. વળી, ટુકડે-ટુકડે અથવા પસંદગીનો અભિગમ કોઈ પણ રીતે મદદરૂપ થશે નહીં, ઉલટાનું તેનાથી મૂંઝવણ ઊભી થશે.

પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિના પ્રોટોકોલ મુદ્દે ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની પશ્ચિમ બંગાળની તાજેતરની મુલાકાત દરમિયાન પ્રોટોકોલના કથિત ઉલ્લંઘનને લઈને ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) વચ્ચેનું શાબ્દિક યુદ્ધ દિવસે ને દિવસે ઉગ્ર બની રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી બંનેએ જાહેર પ્લેટફોર્મ પર એકબીજા પર નિશાન સાધ્યું હતું. દિલ્હીમાં વડા પ્રધાન મોદીએ મમતા સરકાર પર 'આદિવાસી રાષ્ટ્રપતિ'નું અપમાન કરવાનો આરોપ લગાવતાં કહ્યું હતું કે, "ટીએમસી ની ગંદી રાજનીતિનો જલ્દી અંત આવશે."

પીએમએ વધુમાં ઉમેર્યું હતું કે, "રાષ્ટ્રપતિના કાર્યક્રમનો બહિષ્કાર અને ગેરવ્યવસ્થા એ બંધારણ અને દેશની દરેક દીકરીનું અપમાન છે અને જનતા સત્તાના આ અહંકારને ક્યારેય માફ નહીં કરે." બીજી તરફ, બેનર્જીએ વડા પ્રધાન પર પ્રહાર કરતાં તેમને 'દંભી' ગણાવ્યા હતા અને તેમના નિવેદનોને માત્ર 'ચૂંટણીલક્ષી દેખાડો' ગણાવ્યો હતો.

સુડોકુ ૬૪૭૪ - 'કૂટિ'

		૬	૪	૧				૨
૧			૨		૫	૭	૬	૪
૨	૪	૭	૯			૩	૧	૫
૪			૫	૯	૨		૩	૭
	૫		૧	૬		૨	૪	
૬	૨	૯	૭				૫	૮
૩	૧		૮	૫	૯			
૯	૭	૪	૬					૩
					૪	૯		૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૭	૨	૭	૧	૩	૬	૭
૧	૩	૬	૬	૨	૩	૨	૭	૭
૩	૭	૨	૭	૩	૬	૧	૨	૭
૭	૧	૩	૨	૭	૨	૬	૧	૩
૨	૬	૭	૧	૬	૨	૩	૭	૧
૬	૭	૧	૩	૨	૭	૭	૩	૨
૭	૩	૨	૭	૧	૬	૨	૧	૬
૧	૬	૩	૭	૬	૨	૧	૩	૭
૨	૧	૭	૩	૬	૧	૭	૬	૩

૨૭૨૬-ઇફ્રુ કૌડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

વધરાવળ, હાઇડ્રોસીલ

ક્યાં તો ઇજા, ક્યાં તો મચ્છરના કરડવાથી રસ ઊતરે તેથી ગોળીઓની કોથળીમા પાણી ભરાઈ સોજો આવે છે. ખાસ્સી અગવડ પડે તેવી સ્થિતિ છે. કાચકાની મીંજ કાઢી દિવેલ સાથે ખરલ કરી તેનો લેપ ગોળીઓ પર કરવો. શિલારસ સાથે વાટીને પણ લેપ બનાવી શકાય છે. કાચકાંની મીંજ પાણી સાથે પીવા પણ આપવી. સોજો ઊતરે છે.

આજનું પંચાંગ

**તા. 19/03/2026, ગુ